પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૩૧ ૧ નવેમ્બર, ૨૦૧૭, બુધવાર ; કારતક સુદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રામમંદિર નિર્માણ મામલે ચાલતી વાતચીત

**શ્રીશ્રી રવિશંકર અને સિયા વક્ફ બોર્ડની ચર્ચા : એક કલાક સુધી વાતચીત : ૨૦૧૮માં અયોધ્યામાં મંદિર નિર્માણ કામગીરી શરૂ થઇ જાય તેવી આશા**



અયોધ્યા, તા.૩૧

અયોધ્યા વિવાદને કોર્ટની બહાર ઉકેલવાના પ્રયાસરુપે આજે આધ્યાત્મિક ગુરુ શ્રીશ્રી રવિશંકરે શિયા વક્ફ બોર્ડના અધ્યક્ષ વસીમ રિઝવી સાથે વાતચીત કરી હતી. આ મામલા પર બંને વચ્ચે આશરે એક કલાક સુધી વાતચીત ચાલી હતી. વાતચીત બાદ રિઝવીએ મંદિરને વિવાદાસ્પદ ભૂમિમાં બતાવવાના પોતાના પૂર્વના નિવેદનનો બચાવ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે, વિવાદને ઉકેલવા માટે વાતચીત ખુબ આગળ વધી ચુકી છે. વર્ષ ૨૦૧૮માં અયોધ્યામાં મંદિર નિર્માણનું કામ શરૂ થઈ જશે. વસીમ રિઝવીએ કહ્યું હતું કે, રામ મંદિર ફૈઝાબાદ જિલ્લાના અયોધ્યા શહેરમાં રામજન્મભૂમિ પર જ બને તે જરૂરી છે. શિયા વક્ફ બોર્ડ પણ આ મામલામાં પાર્ટી તરીકે છે. કારણ કે, બાબરી મસ્જિદ શિયા મસ્જિદ હતી. આટલા વર્ષો સુધી મૌન પાળવવાના પ્રશ્ન ઉપર રિઝવીએ કહ્યું હતું કે, અમે આટલા વર્ષો સુધી મૌન રહ્યા હતા. આનો મતલબ એ નથી કે, અમારો અધિકાર નથી.

● અનુસંધાન પાન-૬ પર

## હિમાચલપ્રદેશમાં પ્રેમકુમાર ધુમલ ભાજપના મુખ્યમંત્રી પદનો ચહેરો

**૧૮મી ડિસેમ્બર બાદ ધુમલ પૂર્વના બદલે નવા મુખ્યમંત્રી બનશે : ચૂંટણી રેલી દરમિયાન રાજગઢમાં અમિત શાહની જાહેરાત**



નવી દિલ્હી,તા. ૩૧

હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીથી પહેલા ભારતીય જનતા પાર્ટીએ આખરે પોતાના મુખ્યમંત્રી પદના ઉમેદવારના નામની જાહેરાત કરી દીધી છે. પૂર્વ મુખ્યમંત્રી પ્રેમકુમાર ધુમાલ ઉપર ફરી એકવાર વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. હિમાચલના રાજગઢમાં એક રેલીને સંબોધતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આ મુજબની જાહેરાત કરી હતી. આ પહેલા કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ વીરભદ્રસિંહને પોતાની પાર્ટીના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા. અમિત શાહે જનસભાને સંબોધતા મુખ્યમંત્રી પદના ઉમેદવારની જાહેરાત કરતા કહ્યું હતું કે, વીરભદ્રસિંહ અહીં રોજ પુછે છે. પોતાના કામનો હિસાબ આપતા નથી. ભ્રષ્ટાચારનો જવાબ આપતા નથી. ન્યાયની વાત કરતા નથી. અમિત શાહે કહ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી મોદીના નેતૃત્વમાં ચૂંટણી લડી રહી છે. હિમાચલ પ્રદેશમાં જનસભા દરમિયાન તેમણે કહ્યું હતું કે, ધુમાલના નેતૃત્વમાં પાર્ટી ચૂંટણી લડશે.

# સરદાર સાહેબના નામને ભૂંસવાનો પ્રયાસ થયો હતો : મોદી

**પટેલ તો પટેલ હતા, કોઈ શાસન તેમની સ્વીકૃતિ આપે કે ન આપે કોઈ રાજકીય પક્ષ તેમના મહત્વને સ્વીકારે કે ન સ્વીકારે પણ દેશ યુવા પેઢી સરદાર પટેલને ભુલવા તૈયાર નથી,મોદીએ આ પ્રસંગે હાજર ૧૫ હજારથી વધુ લોકોને એકતાના શપથ લેવડાવ્યા**

ન્યુ દિલ્હી,તા.૩૧

દેશમાં નવી પેઢીને સરદાર વલ્લભભાઈ પટેલથી પરિચિત નથી કરાવવામાં આવી તેમ વડાપ્રધાન મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી પર રન ફોર યુનિટિને રવાના કરાવતાં પહેલા કહ્યું હતું. મોદીએ આ પ્રસંગે હાજર ૧૫ હજારથી વધુ લોકોને એકતાના શપથ લેવડાવ્યા હતા. દોઢ કિલોમીટર લાંબી આ દોડનું સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી પર દેશની એકતા માટે આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસર પર રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ, ગૃહમંત્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય મંત્રી રાજ્યવર્ધન રાઠોડ પણ હાજર રહ્યા હતા. સરદાર પટેલની જયંતીને રાષ્ટ્રીય એકતા દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.



મોદીએ કહ્યું, આજે સરદાર પટેલની જન્મ જયંતી છે, ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ છે. સરદારે આઝાદી બાદ તેમના કૌશલ્ય-દ્રઢશક્તિ દ્વારા ન માત્ર દેશને સંકટથી બચાવ્યું પરંતુ સેંકડો રજવાડાને ભારતમાં ભેળવ્યાં. અંગ્રેજોને તેમના ઈરાદામાં સફળ ન થવા દેવા તે સરદાર સાહેબની દીર્ઘદ્રષ્ટિ હતી. દેશની નવી પેઢીને તેમનાથી પરિચિત નથી કરાવવામાં આવી. ઈતિહાસમાં સરદાર સાહેબના નામને દૂર કરવાનો પ્રયત્ન થયો અથવા તેમના નામની અવગણના કરવામાં આવી. અનેક રાજકીય પક્ષો

● અનુસંધાન પાન-૬ પર

## ન્યુઝ ટ્રેક

### કર્ણાટકના પોલીસ વડા તરીકે પ્રથમવાર મહિલા અધિકારી

કર્ણાટકના પોલીસ વડા તરીકે નીલામણી એન. રાજુની વરણી કરવામાં આવી છે. તેઓ ઉત્તરાખંડના રુરકીના વતની છે. તેઓ આઈજી અને ડીજી રૂપકકુમાર દત્તાનું સ્થાન લેશે.

### ફ્રિઝ, એસી અને વોશિંગ મશીન મોંઘા બનશે

ઘર વપરાશની અગત્યની ચીજવસ્તુઓ ફ્રિઝ, એસી અને વોશીંગમશીન આગામી મહિનાથી ૩ થી ૫ ટકા જેટલા મોંઘા બની શકે છે. હાઈ ઈનપુટ કોસ્ટના કારણે કંપનીઓ પર ભાવ વધારાનું દબાણ વધ્યુ છે.

### આજથી ૫૦૦ ટ્રેનોને વધુ ઝડપી દોડાશે

રેલવે યાત્રીઓને વધુને વધુ



સુવિધાઓ મળે તે હેતુસર ભારતીય રેલવે દ્વારા હવે નવા ટાઈમટેબલની જાહેરાત કરી દેવામાં આવી છે જેના ભાગરુપે આવતીકાલથી ૫૦૦ લાંબા અંતરની ટ્રેનોને વધુ ઝડપથી દોડાવવામાં આવશે. ૫૦૦ જેટલી લાંબા અંતરની ટ્રેનોની ગતિ વધારવામાં આવ્યા બાદ પ્રવાસનો સમય બે કલાક સુધી ઘટી જશે.

Pagarav
Hospital & I.C.U.

પગરવ
હોસ્પિટલ અને આઇ.સી.યુ.

નૂતન
વર્ષાભિનંદન



સર્વોત્તમ સ્વાસ્થ્યપ્રદ સુવિધાઓ આપના બજેટમાં...

ફિઝીશીયન • જનરલ સર્જન • ગાયનેક • પિડીયાટ્રીક
ઓર્થોપેડીક • ઓપ્થેલ્મોલોજી • ડેન્ટલ • ઇ.એન.ટી
રેડિયોલોજી • ફિઝીયોથેરાપી • આઇ.સી.યુ. • એન.આઈ.સી.યુ.

૫૧૨/૧, ૨૪ ચાર રસ્તા પાસે, એસબીઆઈની સામે, સે - ૨૩, ગાંધીનગર
ઈમરજન્સી હેલ્પલાઈન નંબર: ૮૯૮૦૮ ૦૯૭૫૩ / ૫૪

૨૪X૭ અકસ્માત સારવાર, ઈમરજન્સી, દવાઓ, પેથોલોજી લેબ
કેશલેસ અને મેડીક્લેમની સુવિધાઓ ઉપલબ્ધ